# ૪૬મો વાર્ષિક અહેવાલ
# ૨૦૨૦-૨૧

## સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
## સુરસાગર ડેરી, વઢવાણ.

| | | |
|---|---|---|
| રજીસ્ટ્રેશન નં. | : | સે.દૂ.ઉ-૨૦૦૧ તા. ૨૪-૩-૧૯૭૫ |
| ટેલીફોન નં. | : | ૭૦૬૯૦ ૧૨૨૭૩ / (એ.એચ) ૭૦૬૯૦ ૧૨૨૧૪ |
| ઈ-મેઈલ | : | admhead@sursagardairy.coop / info@sursagardairy.coop |
| વેબસાઈટ | : | www.sursagardairy.com |
| એડ્રેસ | : | ''ઠાકરધણી સુરસાગર ભવન'' પ્લોટ નં. ૨૪૯, જી.આઈ.ડી.સી., ફેઈઝ-૨, આંબાવાડી, વઢવાણ-૩૬૩ ૦૩૫. જિ. સુરેન્દ્રનગર (ગુજરાત) |
| ISO | : | ISO 9001:2015, ISO 14001:2015 & FSSC 22000 (V 5.1) 2018 |

# નિયામક મંડળ : ૨૦૨૦-૨૧



**શ્રી બાબાભાઈ એસ. ભરવાડ**
**અધ્યક્ષશ્રી**
પ્રમુખ- લીંબડી દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. લીંબડી    તા. લીંબડી



**શ્રી અલ્પેશભાઈ બી. સામંડ**
**ઉપાધ્યક્ષશ્રી**
પ્રમુખ- ચોટીલા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ચોટીલા    તા. ચોટીલા



**શ્રી મંગળસિંહ પરમાર**
**સભ્યશ્રી**
પ્રમુખ- શિવશક્તિ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ટીકર (પર)    તા. મુળી



**શ્રી ગભરૂભાઈ હણ**
**સભ્યશ્રી**
પ્રમુખ- નાનામાત્રા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. નાનામાત્રા    તા. વીંછીયા



**શ્રી નરેશભાઈ મારૂ**
**સભ્યશ્રી**
પ્રમુખ- મોજીદડ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. મોજીદડ    તા. ચુડા



**શ્રી છેલાભાઈ ભરવાડ**
**સભ્યશ્રી**
પ્રમુખ- રામ બાવળી દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. બાવળી    તા. ધ્રાંગધ્રા



**શ્રી વાલાભાઈ ભરવાડ**
**સભ્યશ્રી**
પ્રમુખ- બામણવા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. બામણવા    તા. દસાડા



**શ્રી વેલશીભાઈ પઢાર**
**સભ્યશ્રી**
પ્રમુખ- હીગળાજ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. નાની કઠેચી    તા. લીંબડી



**શ્રી છગનભાઈ મુંધવા**
**સભ્યશ્રી**
પ્રમુખ- કારીયાણી દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. કારીયાણી    તા. વઢવાણ



**શ્રી બાબુભાઈ કારેલીયા**
**સભ્યશ્રી**
પ્રમુખ- ખાખરાથળ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ખાખરાથળ    તા. થાનગઢ

# નિયામક મંડળ : ૨૦૨૦-૨૧



**શ્રીમતિ લક્ષ્મીબેન અલગોતર**
સભ્યશ્રી
પ્રમુખ- વહાણવટી મ. દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. થાનગઢ  તા. થાનગઢ



**શ્રીમતિ શંકુબેન ખટાણા**
સભ્યશ્રી
પ્રમુખ- ગોપી મહિલા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. પાટડી  તા. દસાડા



**શ્રીમતિ વર્ષાબા ઝાલા**
સભ્યશ્રી
પ્રમુખ- બજરંગપુરા મ. દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. બજરંગપુરા  તા. લખતર



**શ્રી એસ.બી. ચૌહાણ**
જિલ્લા રજીસ્ટ્રાર(સ.મ.), સભ્યશ્રી
પ્રતિનિધિ-રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ગુ.રા.)
ગાંધીનગર



**શ્રી ધીરજકુમાર જે. ચૌધરી**
સભ્યશ્રી
પ્રતિનિધિ-ગુજરાત કો-ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડ. લી.
આણંદ



**શ્રી ગુરદિતસિંગ**
મેનેજીંગ ડીરેક્ટર
સુરસાગર ડેરી, વઢવાણ

## :: ઓડીટર્સ ::

**કે.એમ.વી. એન્ડ કંપની**
ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,
સ્ટેટ્યુટરી ઓડીટર
(પેનલ નં. ૦૧)

**શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક)**
મિલ્ક ઓડીટ ઓફીસ,
સુરેન્દ્રનગર

## બેંકર્સ

| | | |
|---|---|---|
| ૧) | એચ.ડી.એફ.સી. બેંક | - સુરેન્દ્રનગર |
| ૨) | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા | - સુરેન્દ્રનગર |
| ૩) | આઇસીઆઇસીઆઇ બેંક | - સુરેન્દ્રનગર |
| ૪) | સુરેન્દ્રનગર ડી.કો-ઓપ. બેંક લી. | - સુરેન્દ્રનગર |
| ૫) | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા | - સુરેન્દ્રનગર |
| ૬) | સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક | - સુરેન્દ્રનગર |
| ૭) | રાજકોટ નાગરીક બેંક | - સુરેન્દ્રનગર |
| ૮) | RBL બેંક | - રાજકોટ |

## આટલું કરીએ, કોરોનાને ભગાડીએ

- માસ્ક પહેરીએ, સ્વસ્થ રહીએ, સલામત રહીએ.
- સામાજીક અંતર જાળવીએ.
- બિનજરૂરી બહાર ન નીકળીએ.
- શરદી-ખાંસી કે તાવના લક્ષણો જણાય તો તુરંત જ મેડીકલ ચેક અપ કરાવીએ.



ગૌકૃપા કૃષિ પધ્ધતીના પ્રશિક્ષણ શિબિરમાં પધારેલ પશુપાલકો તથા ખેડુતોને સંબોધન કરતા ભારત સરકારના કૃષિ મંત્રાલયના મંત્રી શ્રી પુરૂષોતમભાઈ રૂપાલા સાહેબ



લીંબડી તાલુકાના ધારાસભ્ય તથા પૂર્વ મંત્રીશ્રી કીરીટસિંહ રાણા સાહેબ તથા નવનિયુકત જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી જગદીશભાઈ મકવાણા તથા દૂધ સંઘના ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડનું અભિવાદન કરતા દૂધ મંડળીઓના પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીઓ





કોરોના વાયરસની રસી લઈ જિલ્લાના દૂધ ઉત્પાદકોને કોઈપણ જાતનો ડર રાખ્યા સિવાય રસી લેવા માટે અપીલ કરતા દૂધ સંઘના ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ તથા મેનેજીંગ ડીરેકટર શ્રી ગુરદિતસિંગ



**શ્રી બાબાભાઈ એસ. ભરવાડ**
**અધ્યક્ષશ્રી**

## ચેરમેનશ્રી નું નિવેદન :–

**મારા વહાલા, દૂધ ઉત્પાદક ભાઈઓ તથા બહેનો.**

દૂધ સંઘની ૪૬ મી વાર્ષિક સાધારણ સભામાં સુરસાગર ડેરી પરિવારના સભ્યો એવા તમામ દૂધ મંડળીના પ્રમુખશ્રીઓ, ઉપપ્રમુખશ્રીઓ, વ્ય.ક.સભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ તથા દૂધ ઉત્પાદક ભાઈઓ અને બહેનોનું ઉમળકાભેર ચહેદિલથી સ્વાગત કરૂ છું અને મારા સાથી નિયામક મંડળે ભલામણ કરેલ તેમજ દૂધ સંઘ તરફથી નિમાયેલ ઓડીટરશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ વર્ષ ૨૦૨૦–૨૧ ના દૂધ સંઘના હિસાબો તથા દૂધ સંઘના કામકાજ અને વિકાસ લક્ષી પ્રવૃતિઓનો અહેવાલ આપ સમક્ષ રજૂ કરતાં ગૌરવ અને હર્ષની લાગણી અનુભવુ છું.

આજે જયારે વિશ્વ આખુ કોરોનાની મહામારીમાં સપડાયેલ છે.તેવા સંજોગોમાં કોરોનાની પ્રથમ લહેરમાંથી માંડ માંડ બહાર આવ્યા ત્યાં બીજી લહેર શરૂ થઈ, આ લહેરને તોડવા માટે જયાં જરૂર જણાય ત્યાં સ્થાનિક કક્ષાએ લોકડાઉન આપવામાં આવ્યું. આવા કપરા સંજોગોમાં પણ દૂધ એકત્રીકરણ અને વેચાણની પ્રવૃતિ કોઈપણ જાતના વિક્ષેપ વગર અવિરત ચાલુ રાખવામાં આવેલ છે જે આપ સૌના સાથ અને સહકારથી શકય બનેલ છે.

હિસાબી વર્ષ દરમ્યાન દૂધ સંઘ દ્વારા દૈનિક સરેરાશ ૫૬૮૬૯૨ કિલો દૂધ સંપાદન કરવામાં આવેલ છે. તેમજ તા. ૧૦/૦૨/૨૦૨૧ના રોજ એક દિવસનું મહત્તમ ૭૦૪૨૮૭ કિલો દૂધ સંપાદન કરવામાં આવેલ છે.

આપ સૌ જાણો છો તેમ ચાલુ વર્ષે કોરોનાની મહામારીના કારણે તેની સીધી અસર દૂધ તથા દૂધની બનાવટોના વૈશ્વિક માર્કેટ ઉપર થવા પામેલ છે. આથી દૂધ સંઘ તથા જી.સી.એમ.એમ.એફ ને દૂધની બનાવટોનો જંગી સ્ટોક કરવાની ફરજ પડેલ છે. આથી જંગી મુડી રોકાણની સીધી અસર દૂધના ભાવો ઉપર જોવા મળેલ છે. આમ છતાં પણ કરકસરયુકત વહીવટ કરી હિસાબી વર્ષ દરમ્યાન સરેરાશ પ્રતિકિલો ફેટના રૂા. ૭૨૧/– ભાવ ચુકવવામાં આવેલ છે.

### : સંઘ સભાસદ અને નિયામક મંડળ :

સને ૨૦૨૦–૨૧ ના હિસાબી વર્ષના અંતે દૂધ સંઘ સાથે સંયોજીત પ્રાથમિક દૂધ સહકારી મંડળીઓની સંખ્યા ૬૫૬ તથા વ્યકિત સભ્યોની સંખ્યા ૩ મળી કુલ સભાસદ સંખ્યા ૬૫૯ છે. તે પૈકી નિયામક મંડળના સભ્ય પદે ૧૩ સભ્યો તા. ૩૧/૦૭/૨૦૧૯ થી ૫ (પાંચ) વર્ષની મુદત માટે ચુંટાયેલ અને કાર્યરત છે.

## : અન્વેષણ :

ગુજરાત રાજય સરકાર દ્વારા સ્થપાયેલ ઓડીટ બોર્ડ દ્વારા સતત અને સમવાયી ઓડીટ યોજના હેઠળ દૂધ સંઘ અને દૂધ સહકારી મંડળીઓના ઓડીટની કામગીરી કરવામાં આવે છે. દૂધ સંઘનું સને ૨૦૨૦–૨૧ ના વર્ષનું નાણાંકીય ઓડીટ દૂધ સંઘ દ્વારા નિયુકત કરવામાં આવેલ કે. એમ. વી. એન્ડ કંપની, પેનલ નં. – ૧ દ્વારા કરવામાં આવેલ છે.

## : વ્યાપાર અને નાણાંકીય સ્થિતિ :

સને ૨૦૨૦–૨૧ ના હિસાબી વર્ષ દરમ્યાન દૂધ સંઘનો વેપારી ઉથલો(ટર્ન ઓવર) રૂા. ૧૦૦૩ કરોડ નોંધાએલ છે જે વર્ષ ૨૦૧૯–૨૦ કરતાં રૂા. ૬૮ કરોડ એટલે કે ૬.૮૨% વધારે છે. રૂા. ૯૫૩ લાખના ઘસારાની જોગવાઈ કર્યા બાદ હિસાબી વર્ષના અંતે રૂા. ૬૫૪ લાખનો ચોખ્ખો નફો કરેલ છે. જે ગત વર્ષની સરખામણી એ રૂા. ૨૪૩ લાખ એટલે કે ૩૭.૦૮% વધારે છે. નિયામક મંડળ દ્વારા સભાસદ દૂધ મંડળીઓને સહકારી કાયદાની જોગવાઈની મર્યાદા મુજબ ભરપાઈ થયેલ શેર ભંડોળ ઉપર ૧૫% ડિવિડન્ડ આપવાનું નકકી કરેલ છે.

## : દૂધ સહકારી મંડળીઓ :

વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન કુલ ૬૭૬ દૂધ સહકારી મંડળીઓ (૬૫૪ રજીસ્ટર + ૨૨ સુચિત) તથા ૬૭ દૂધ ખરીદ કેન્દ્રો એ દૂધ સંઘને દૂધ પુરૂ પાડેલ છે. વર્ષાન્તે કુલ ૬૬૮ દૂધ સહકારી મંડળીઓ (૬૪૬ રજીસ્ટર મંડળીઓ + ૨૨ સુચિત મંડળીઓ) તથા ૬૧ દૂધ ખરીદ કેન્દ્રો કાર્યરત છે.









પશુપાલનના વ્યવસાયમાં મહિલાઓનું યોગદાન મહત્વનું છે. મોટાભાગે મહિલાઓ દ્વારા પશુઓની માવજત કરવામાં આવતી હોય છે. પશુઓને ઘાસચારો–ખાણદાણ નિરવાની, છાણવાછીંદુ કરવાની તથા દોહવાની પ્રવૃતિ મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. આથી દૂધના વ્યવસાયમાં મહિલાઓની ભાગીદારી વધે તે ખૂબજ જરૂરી છે. હિસાબી વર્ષ ૨૦૨૦–૨૧ ના અંતે કુલ ૧૬૩ મહિલા મંડળીઓ કાર્યરત છે. જિલ્લાની દૂધ મંડળીઓમાં દૂધ ભરાવતા ગ્રાહકોની કુલ સંખ્યા ૧,૨૮,૪૫૦ છે. દૂધ મંડળીઓના કુલ સભાસદોની સંખ્યા ૯૩૬૮૯ છે. તે પૈકી ૨૭૦૨૬ મહિલા સભાસદો તથા ૬૬૬૬૩ પુરૂષ સભાસદો છે.

## : દૂધ સંપાદન તથા દૂધના ભાવ :

હિસાબી વર્ષ દરમ્યાન આપણા દૂધ સંઘ દ્વારા એક દિવસનું મહત્તમ ૭.૦૪ લાખ કિલો દૂધ સંપાદન કરેલ છે. તેમજ વર્ષ દરમ્યાન સરેરાશ દૈનિક ૫.૬૯ લાખ કિલો દૂધ સંપાદન કરવામાં આવેલ છે. જે ગત વર્ષની દૈનિક સરેરાશ કરતાં ૧૫.૬૫% વધારે છે.









હિસાબી વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન સરેરાશ પ્રતિકિલો ફેટના રૂા. ૭૨૧/– નો ભાવ ચુકવવામાં આવેલ છે. દૂધ ઉત્પાદકોને દૂધના વધુમાં વધુ ભાવ મળી રહે તે માટે મારા સતત પ્રયત્નો રહ્યાં છે. આમ છતાં પણ કોરોનાની મહામારીની માર્કેટીંગ ઉપરની અસરના કારણે ગત વર્ષની સરખામણીએ દૂધના ભાવ ઓછા ચૂકવાયેલ છે.

હિસાબી વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન દૂધ ઉત્પાદકોને સરેરાશ પ્રતિકિલો દૂધનો ભાવ રૂા. ૪૪.૨૮ પૈસા ચુકવવામાં આવેલ છે. જે ગત વર્ષે સરેરાશ પ્રતિકિલો રૂા. ૪૬.૧૩ પૈસા કરતાં પ્રતિકિલો રૂા. ૧.૮૫ પૈસા ઓછા ચુકવાયેલ છે.




## : દૂધ પ્રોક્યોરમેન્ટ તથા તેના ભાવ વર્ષ ૨૦૨૦–૨૧ :

| વિગત | | ભેંસ | ગાય | કુલ |
|---|---|---|---|---|
| A | જથ્થો લીટરમાં | ૧૧૭૫૮૦૪૫૧ | ૮૩૯૪૬૨૨૧ | ૨૦૧૫૨૬૬૭૨ |
| B | જથ્થો કિલોમાં | ૧૨૧૧૦૭૮૬૫ | ૮૬૪૬૪૬૦૮ | ૨૦૭૫૭૨૪૭૩ |
| C | કિલો ફેટ | ૮૬૭૮૦૫૧ | ૩૬૯૭૪૪૮ | ૧૨૩૭૫૪૯૯ |
| D | કિલો એસએનએફ | ૧૦૮૯૬૦૫૯ | ૭૩૩૯૯૨૮ | ૧૮૨૩૫૯૮૭ |
| E = C / B | સરેરાશ ફેટ ટકા | ૭.૧૭ | ૪.૨૮ | ૫.૯૬ |
| F = D / B | સરેરાશ એસએનએફ ટકા | ૯.૦૦ | ૮.૪૯ | ૮.૭૯ |
| G | ખરીદ કિંમત રૂપિયા | ૫૪૭૮૩૧૨૩૮૪ | ૨૫૪૭૧૬૦૮૪૦ | ૮૦૨૫૪૭૩૨૨૪ |
| H | ભાવ તફાવતની રકમ રૂપિયા | ૬૨૦૪૯૭૫૦૪ | ૨૭૮૦૪૨૧૪૦ | ૮૯૮૫૩૯૬૪૪ |
| I = G+H | નેટ ખરીદ કિંમત રૂપિયા | ૬૦૯૮૮૦૯૮૮૮ | ૨૮૨૫૨૦૨૯૮૦ | ૮૯૨૪૦૧૨૮૬૮ |
| J = I / C | પ્રતિ કિલો ફેટના સરેરાશ ભાવ રૂપિયા | ૭૦૩ | ૭૬૪ | ૭૨૧ |
| K | ૭% ફેટ મુજબ પ્રતિ લીટરનો ભાવ રૂપિયા | ૫૦.૬૭ | | |
| L | ૪% ફેટ મુજબ પ્રતિ લીટરનો ભાવ રૂપિયા | | ૩૧.૪૮ | |
| M | સરેરાશ ૧ લીટર મીક્ષ દૂધનો ભાવ રૂપિયા | | | ૪૪.૨૮ |




## : રાખેલ દૂધ ભાવ :

હિસાબી વર્ષમાં જિલ્લાની દૂધ મંડળીઓને ૮૯.૮૫ કરોડ રૂપિયા રાખેલ દૂધ ભાવ ચુકવવામાં આવનાર છે. જે પ્રતિકિલો ફેટ રૂા. ૭૨.૦૬ પૈસા મુજબ થાય છે. જે તમામ રાખેલ દૂધ ભાવ રોકડના રૂપમાં ચુકવવામાં આવનાર છે.

## : મુખ્ય ખર્ચાઓ :

દૂધ ખરીદ કિંમત સિવાયનો અન્ય ખર્ચ પ્રતિકિલો દીઠ રૂા. ૩.૫૪ પૈસા છે. અન્ય ખર્ચની વિગત નીચે મુજબ છે.




## : દૂધ અને દૂધની બનાવટોનું વેચાણ :

| | | | |
|---|---|---|---|
| ૧. | **દૂધનું વેચાણ (લીટર)** | | ૨૦૨૩૭૮૨૫૫ લીટર |
| | (૧.૧) સ્થાનિક માર્કેટમાં વેચાણ | ૪૦૭૩૩૭૮૮ લીટર | |
| | (૧.૨) મુંબઈમાં વેચાણ | ૧૨૮૩૭૫૫૨ લીટર | |
| | (૧.૩) આર.સી.એમ. અમૂલ ફેડ. ડેરીમાં વેચાણ | ૧૪૮૪૫૧૧૬૮ લીટર | |
| | (૧.૪) અન્ય ડેરીમાં વેચાણ (સ્ટાન્ડર્ડ મિલ્ક) | ૩૫૫૭૪૭ લીટર | |
| | કુલ | ૨૦૨૩૭૮૨૫૫ લીટર | |
| ૨ | અમૂલ છાશ વેચાણ (લીટર) | | ૯૪૯૧૩૪૭ લીટર |
| ૩ | મસ્તી દહીં વેચાણ (કિલો) | | ૪૯૯૫૪૬ કિલો |
| ૪ | લાઈટ દહીં વેચાણ (કિલો) | | ૧૬૯૭૨૯ કિલો |
| ૫ | અમૂલ ઘી વેચાણ (લીટર) | | ૭૪૦૧૬૬ લીટર |
| ૬ | રબડી વેચાણ (કિલો) | | ૧૭૧ કિલો |

સ્થાનિક માર્કેટમાં દૈનિક સરેરાશ ૧.૭૭ લાખ લીટર દૂધ તથા દૂધની બનાવટોનું વેચાણ કરવામાં આવેલ છે. તેમજ સાબર ડેરી માંથી જરૂરિયાત મુજબ ૬૩૯૩૬૦૦ લીટર સ્કીમ્ડ મિલ્કની ખરીદી કરવામાં આવેલ છે.

૧. અમૂલ મસ્તી દહીં ૮૫ ગ્રામ તથા ૨૦૦ ગ્રામ કપનું પેકીંગ તા. ૨૧/૦૧/૨૦૨૧ થી શરૂ કરવામાં આવેલ છે. તેમજ માર્ચ–૨૦૨૧ દરમ્યાન અમદાવાદ શહેરમાં જરૂરિયાત મુજબ ૨૨૫૬૨ કિલો મસ્તી દહીંનુ વેચાણ કરવામાં આવેલ છે.

૨. અમૂલ નેચરલ મસાલા છાસનું ૨૦૦ એમ.એલના પાઉચમાં પેકીંગ તા. ૫/૦૩/૨૦૨૧ થી શરૂ કરી સુરેન્દ્રનગર જિલ્લામાં માર્કેટીંગ શરૂ કરેલ છે. જેનો વપરાશકર્તાઓ તરફથી સારો પ્રતિસાદ મળેલ છે.

૩. અમૂલ પિસ્તા રબડીનું ઉત્પાદન તા. ૧૦/૦૩/૨૦૨૧ થી શરૂ કરી ૮૫ ગ્રામનાં કપમાં પેકીંગ કરી સ્થાનિક માર્કેટમાં વેચાણ શરૂ કરેલ છે.

૪. અમૂલ ઘીનું ૧૫ કિલોના ટીનમાં પેકીંગ કરવાનું તા. ૩૦/૦૩/૨૦૨૧ થી શરૂ કરવામાં આવેલ છે.

## : દૂધની ગુણવત્તા :

સ્થાનિક માર્કેટમાં તેમજ અમૂલ ફેડ. ડેરીમાં દૂધના વેચાણ માટે દૂધની ગુણવત્તા નિયત ધારા ધોરણ મુજબ જળવાઈ રહેવી ખાસ જરૂરી છે. દૂધની ગુણવત્તા જળવાઈ રહે તે માટે તમામ બીએમસીનું દૂધ ખાનાવાળા ટેન્કર મારફત અલગ અલગ ખાનામાં ડેરી પ્લાન્ટ ઉપર લાવી તેનું વજન કરી સેમ્પલ લઈ ડેરીની લેબોરેટરીમાં તમામ પ્રકારનું ટેસ્ટીંગ કરવામાં આવે છે. જો ટેસ્ટીંગ દરમ્યાન કોઈપણ બીએમસીના દૂધની ગુણવત્તા હલકી/ભેળસેળ યુકત જણાય તો તેવા બીએમસીના દૂધમાં કલર નાખી દૂધનો નાશ કરવામાં આવે છે. તેમજ અલગ અલગ ચાર ટીમ બનાવી ૨ ટીમ દ્વારા સવારના ટંકે તથા ૨ ટીમ દ્વારા સાંજના ટંકે દૂધ મંડળી/બીએમસીની આકસ્મિક મુલાકાત લઈ તમામ ગ્રાહકોના દૂધના સેમ્પલ તેમજ દૂધ મંડળીઓના જનરલ સેમ્પલ તથા બીએમસીના જનરલ સેમ્પલ લાવી તેનું સુરેન્દ્રનગર ખાતે સેન્ટ્રલ લેબમાં ટેસ્ટીંગ કરવામાં આવે છે. ટેસ્ટીંગમાં જો કોઈપણ મંડળી/બીએમસીના દૂધની ગુણવત્તા હલકી જણાયતો આવી મંડળી/બીએમસી ઉપર સુપરવાઈઝરની ટીમ મોકલી તમામ ગ્રાહકોના તથા સંલગ્ન દૂધ મંડળીઓના દૂધની ચકાસણી કરવામાં આવે છે. મંડળીના/બીએમસીના દૂધની ગુણવત્તા હલકી જણાય તેવી મંડળી/બીએમસી ઉપર શિક્ષાત્મક દંડની કાર્યવાહી કરવામાં આવે છે. જો કોઈ એક મંડળી કે બીએમસીના દૂધની ગુણવત્તા વારંવાર હલકી આવે અને વારંવાર શિક્ષાત્મક દંડની કાર્યવાહી કરવા છતાં પણ દૂધની ગુણવત્તામાં સુધારો ન થાય તેવા સંજોગોમાં આવી મંડળી કે બીએમસીનું દૂધ સંઘમાં સ્વીકારવાનું બંધ કરવામાં આવે છે અને મંડળીની વ્યવસ્થાપક કમિટીના તમામ સભ્યોને દૂધ સંઘની ઓફીસે રૂબરૂ બોલાવી દૂધની હલકી ગુણવત્તા બાબતે તથા હલકી ગુણવત્તાના કારણે દૂધ મંડળીને તથા દૂધ સંઘને થતા નુકશાન બાબતે સમજ આપવામાં આવે છે. તેમજ રૂા. ૩૦૦/– ના નોન જયુડીશીયલ ઉપર સારી ગુણવત્તાનું દૂધ જ મોકલવા અંગેની લેખિત બાંહેધરી આપવામાં આવે ત્યાર પછી જ આવી મંડળી કે બીએમસી ને પુનઃ શરૂ કરવામાં આવે છે. હિસાબી વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન ટીમ દ્વારા દૂધ મંડળી/બીએમસીની આકસ્મિક મુલાકાત લઈ ૧૮૪૫ જેટલા સેમ્પલો લઈ સુરેન્દ્રનગર ડેરીની સેન્ટ્રલ લેબમાં ટેસ્ટીંગ કરાવી જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ છે.

## : દૂધ સંજીવની યોજના :

ગુજરાત સરકારશ્રીના મધ્યાંહ્ન ભોજન તથા આઈ.સી.ડી.એસ. વિભાગો દ્વારા જિલ્લાના ૬ તાલુકાની પ્રાથમિક શાળાઓ અને આંગણવાડીના બાળકોને તેમજ ૬ પૈકી ૩ તાલુકાની ધાત્રી માતાઓ તથા સગર્ભા સ્ત્રીઓને પોષણક્ષમ આહાર મળી રહે તેવા હેતુથી દૂધ સંજીવની યોજના અંતર્ગત ૨૦૦ એમ.એલ. ના પાઉચમાં ફ્લેવર્ડ મિલ્કનું વિતરણ કરવામાં આવે છે. પરંતુ હિસાબી વર્ષ દરમ્યાન કોવીડ–૧૯ ની મહામારીના કારણે પ્રાથમિક શાળાઓ તથા આંગણવાડીઓ બંધ રાખવામાં આવેલ છે આથી આ યોજના અંતર્ગત દૂધ વિતરણ અંગેની કોઈ કાર્યવાહી થયેલ નથી.

## : બલ્ક મિલ્ક કૂલર :

દૂધ અને દૂધની બનાવટોના સ્થાનિક તેમજ વૈશ્વિક માર્કેટીંગમાં ખાનગી વેપારીઓ તથા મલ્ટીનેશનલ કંપનીઓ વચ્ચે ગળાકાપ હરીફાઈ પ્રવર્તે છે આવા સંજોગોમાં જે કંપનીના ઉત્પાદનોની ગુણવત્તા ઉત્તમ હશે તેજ બજારમાં ટકી શકશે. દૂધ અને દૂધની બનાવટોના ઉચ્ચ ગુણવત્તા યુકત ઉત્પાદન માટે એકત્રીત કરવામાં આવતા દૂધની ગુણવત્તા સારી હોવી જરૂરી છે. ઉંચી ગુણવત્તાયુકત દૂધના સંપાદન માટે દૂધ મંડળીઓ ઉપર બીએમસી સ્થાપવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર, રાજય સરકારની સહાય તથા મંડળીઓએ પોતાના સ્વખર્ચે શરૂ કરેલ બીએમસી મળી કુલ ૧૮૨ બીએમસી સ્થાપવામાં આવેલ છે.તમામ બીએમસી કલસ્ટરમાં ચલાવવામાં આવે છે. દૂધ સંઘ દ્વારા જે દૂધ સંપાદન કરવામાં આવે છે તે પૈકી ૯૪.૫૪% દૂધ કલસ્ટર બીએમસી મારફત તથા ૫.૪૬% દૂધ કેન રીસીવીંગ મારફત કરવામાં આવે છે. મંડળીઓ ઉપર ઈન્સ્ટોલ કરવામાં આવેલ બીએમસીની તાલુકાવાર માહીતી નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | બીએમસીની સંખ્યા | | | | | બીએમસીની માલીકી | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫૦૦૦ લી. ની ક્ષમતા | ૪૦૦૦ લી. ની ક્ષમતા | ૩૦૦૦ લી. ની ક્ષમતા | ૨૦૦૦ લી. ની ક્ષમતા | કુલ | દૂધ મંડળીની | દૂધ સંઘની |
| ૧ | ચોટીલા | ૧૬ | – | ૫ | ૪ | ૨૫ | ૫ | ૨૦ |
| ૨ | ચુડા | ૧૦ | – | ૨ | ૫ | ૧૭ | ૨ | ૧૫ |
| ૩ | થાનગઢ | ૬ | – | ૨ | ૫ | ૧૩ | ૧ | ૧૨ |
| ૪ | દસાડા | ૮ | – | ૧ | ૧ | ૧૦ | – | ૧૦ |
| ૫ | ધ્રાંગધ્રા | ૧૮ | – | ૫ | ૧ | ૨૪ | ૩ | ૨૧ |
| ૬ | મુળી | ૯ | – | – | – | ૯ | ૧ | ૮ |
| ૭ | લખતર | ૭ | – | ૧ | ૨ | ૧૦ | – | ૧૦ |
| ૮ | લીંબડી | ૧૧ | – | ૪ | ૫ | ૨૦ | – | ૨૦ |
| ૯ | વઢવાણ | ૧૬ | – | ૫ | ૬ | ૨૭ | ૭ | ૨૦ |
| ૧૦ | સાયલા | ૧૫ | ૧ | ૬ | ૫ | ૨૭ | ૬ | ૨૧ |
| | કુલ | **૧૧૬** | **૧** | **૩૧** | **૩૪** | **૧૮૨** | **૨૫** | **૧૫૭** |

## : પશુ આહાર – અમૂલદાણ :

ગુણવત્તાયુકત દૂધના ઉત્પાદન માટે પશુઓને ગુણવત્તાયુકત આહાર આપવો ખાસ જરૂરી છે. ઘણા બધા દૂધ ઉત્પાદકો દ્વારા બજારમાં મળતા હલકી ગુણવત્તાનું દાણ, કપાસનો ખોળ, ગવારભરડો, મકાઈ ભુંસુ જેવો પશુ આહાર તેમના પશુઓને આપતા હોય છે. પરીણામે તેની અસર દૂધની ગુણવત્તા ઉપર થાય છે. દૂધના પૂરતા એસ.એન.એફ મળતા નથી, આથી હલકી ગુણવત્તાવાળુ દૂધ મંડળીમાં સ્વીકારવામાં આવતું નથી. જો મંડળી તરફથી આવી હલકી ગુણવત્તાનું દૂધ સ્વીકારવામાં આવે તોમંડળીના તમામ દૂધની ગુણવત્તા ઉપર તેની અસર થાય છે. તેમજ પશુઓના આરોગ્ય ઉપર પણ અવળી અસર થાય છે. પશુ સમયસર ગરમીમાં આવતા નથી, પરીણામે સમયસર ગાભણ થતા નથી. આથી બે વિયાણ વચ્ચેનો ગાળો લંબાય છે. પરીણામે દૂધ ઉત્પાદકને આર્થિક નુકશાન થાય છે. આવા નુકશાનથી બચવા માટે પશુઓના આહારમાં નિયમિત ગુણવત્તા યુકત પ્રોટીનથી ભરપુર અમૂલ પાવરદાણનો ઉપયોગ કરવા જણાવવામાં આવે છે. દૂધ સંઘ પાસે દાણ બનાવવા માટેની પોતાની ફેકટરી નહિ હોવા છતાં દૂધ ઉત્પાદકોના લાભાર્થે અન્ય ડેરીમાંથી અમૂલદાણ લાવી નહિ નફો નહિ નુકશાનના ધોરણે પુરૂ પાડવામાં આવે છે. હિસાબી વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન માસવાર વેચાણ કરવામાં આવેલ અમૂલ પાવરદાણ, બફેલો દાણ, બચ્ચાદાણ તથા મીનરલ મીક્ષ્ચરના વેચાણની માહિતી નીચે મુજબ છે.

| માસ :– | એપ્રિલ ૨૦૨૦ | મે ૨૦૨૦ | જુન ૨૦૨૦ | જુલાઈ ૨૦૨૦ | ઓગષ્ટ ૨૦૨૦ | સપ્ટેમ્બર ૨૦૨૦ | ઓકટો. ૨૦૨૦ | નવેમ્બર ૨૦૨૦ | ડિસેમ્બર ૨૦૨૦ | જાન્યુ. ૨૦૨૧ | ફેબ્રુ. ૨૦૨૧ | માર્ચ ૨૦૨૧ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમૂલ પાવરદાણ ૫૦ કિલો બોરી નંગ | ૧૪૪૯૦ | ૧૩૬૨૦ | ૧૧૦૨૯ | ૨૮૮૨૭ | ૧૦૩૩૨ | ૯૮૩૩ | ૧૦૦૩૯ | ૧૧૯૪૧ | ૧૧૪૭૧ | ૧૨૯૯૬ | ૧૩૬૩૬ | ૧૭૯૯૭ | ૧૬૬૨૧૧ |
| બફેલો દાણ ૫૦ કિલો બોરી નંગ | ૩૫ | ૪૫ | ૫૯૪ | ૨૦ | ૯૧ | ૬૧ | ૩૪ | ૫૧ | ૮૯ | ૪૦ | ૯૭ | ૧૪૬ | ૧૩૦૩ |
| બચ્ચાદાણ ૨૦ કિલો બોરી નંગ | ૦૧ | ૦૦ | ૧૬ | ૧૨ | ૦૩ | ૦૦ | ૧૦ | ૦૫ | ૦૫ | ૦૭ | ૨૦ | ૫૦ | ૧૨૯ |
| મીનરલ મિક્ષ્ચર ૧ કિલો પેક | ૧૦ | ૦૦ | ૧૨૫ | ૮૦ | ૭૦ | ૪૦ | ૧૦ | ૪૦ | ૨૦ | ૯૦ | ૧૨૨ | ૨૩ | ૬૩૦ |

## : પશુ સ્વાસ્થ્ય અને સંવર્ધન :

આરોગ્યપ્રદ અને ગુણવત્તાયુકત દૂધના ઉત્પાદન માટે સમૃધ્ધ પશુઆહાર અને ખાણદાણની સાથે સાથે પશુનું સ્વાસ્થ્ય પણ સારૂ જળવાઈ રહે તે ખૂબજ જરૂરી છે. પશુઓના સ્વાસ્થ્ય અને સંવર્ધન માટે દૂધ સંઘના એ.એચ. વિભાગ દ્વારા પશુપાલનને લગતી ભિન્ન ભિન્ન પ્રવૃતિઓ મારફત સઘન પ્રયત્નો કરવામાં આવે છે.



## : પશુ સારવાર :

જિલ્લાના દૂધ ઉત્પાદકોના પશુઓને સસ્તી સારી અને ઝડપી પશુ સારવાર મળી રહે તે માટે દૂધ સંઘ દ્વારા ટોલ ફ્રી નંબર શરૂ કરી તેના ઉપર સ્પે. વિઝીટ નોંધવામાં આવે છે. જિલ્લાના ૬ તાલુકા મથકોએ પશુ સારવાર કેન્દ્ર કાર્યરત કરી ૮ ડોકટરોની ટીમ દ્વારા સમગ્ર જિલ્લામાં પશુ સારવાર આપવામાં આવે છે. હિસાબી વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન કુલ ૨૦૫૮૫ પશુઓને સારવાર આપેલ છે. તે પૈકી ૧૨૫૯૮ ભેંસ વર્ગના પશુઓ તથા ૭૯૮૭ ગાય વર્ગના પશુઓનો સમાવેશ થાય છે. પશુઓની જુદા જુદા પ્રકારની બિમારીઓ પૈકી સૌથી વધુ ૧૬૫૦ વિઝીટ આંચળને લગતી બિમારીઓની થએલ છે. તેમજ ૧૧૨ શીંગડાની કરમોડીના ઓપરેશન કરવામાં આવેલ છે.

## : કૃમિ નિવારણ અભિયાન :

ઘાસચારા સાથે કૃમિ પશુના શરીરમાં પ્રવેશ કરે છે અને ત્યાં રહીને પોષક તત્વોની ચોરી કરે છે. જે રીતે ખેતરમાં નિંદામણ મુખ્ય પાકને નુકશાન કરે છે બિલકુલ તેવી જ રીતે કૃમિ પશુના શરીરના વિકાસને અટકાવે છે. સંક્રમણ વધવાની સ્થિતિમાં ગંભીર બિમારીઓ ઉત્પન્ન થાય છે અને કયારેક પશુનું મરણ પણ થાય છે. દર વર્ષે કૃમિનાશક અભિયાન ચલાવી ૫૦% ના રાહતદરે કૃમિનાશક દવાઓ દૂધ મંડળીઓને આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન કુલ ૨૨૧૮૪ પશુઓને કૃમિ નિવારણની દવાનું વિતરણ કરવામાં આવેલ છે.

## : રોગ પ્રતિકારક રસીકરણ કાર્યક્રમ :

દૂધ મંડળીઓની માંગણીના આધારે તેમજ ગુજરાત રાજયના પશુપાલન વિભાગના સંકલનમાં ફાળે આવેલ ગામડાઓમાં કૃત્રિમ બીજદાન કર્મચારીઓ મારફત રસીકરણની કામગીરી કરવામાં આવે છે.

- ખરવા–મોવાસા વાયરસ જનિત રોગ છે જેની રસી વર્ષમાં ૨ વખત મુકવાની હોય છે. વર્ષ ૨૦૨૦–૨૧ માં કુલ ૩૮૦૨૨ પશુઓને રસી મુકેલ છે.
- ગળસૂંઢાની રસી ચોમાસુ શરૂ થાય તે પહેલા મે–જૂન માસમાં આપવાની હોય છે. હિસાબી વર્ષ દરમ્યાન કુલ ૪૫૩૯ પશુઓને આ રસી આપવામાં આવેલ છે.





## : પ્રજનન ક્ષમતા સુધારણા (વ્યંધત્વ નિવારણ કેમ્પ) કાર્યક્રમ :

પ્રજનન ક્ષમતા સુધારણા કાર્યક્રમ અંતર્ગત પસંદ કરેલ ગામોમાં ૩ વર્ષ કે તેથી વધારે ઉમરની પાડી કે વાછરડીઓ જે ગાભણ થએલ ન હોય તેમજ વસુકી ગએલ ગાય કે ભેંસ જે વેતરમાં આવતી નથી કે અન્ય કારણોસર ગાભણ થતી નથી તેઓને આ કાર્યક્રમ અંતર્ગત રજીસ્ટર કરવામાં આવે છે. આવા પશુઓને સારવારની સાથે સાથે ૨ બોરી દાણ સહાયમાં આપવામાં આવે છે.

હિસાબી વર્ષ ૨૦૨૦-૨૧ માં કુલ ૩૮ ગામમાં ૧૧૪ કેમ્પનું આયોજન કરી ૧૩૧૦ પશુઓને આ કાર્યક્રમ હેઠળ સારવાર આપેલ છે. ૯૮૧ બોરી દાણ સહાય પેટે આપવામાં આવેલ છે. અત્યાર સુધીમાં કુલ ૮૮૪ પશુઓ ગાભણ થયેલ છે.




## : કૃત્રિમ બીજદાન :

ઓછા ખર્ચે વધારે દૂધ ઉત્પાદન મેળવવા માટે સારી ઓલાદના પશુ રાખવા જરૂરી છે. સારી ઓલાદના પશુ સંવર્ધન માટે ઉત્તમ ઓલાદના નર પશુના સીમેન ડોઝ દ્વારા કૃત્રિમ બીજદાન થકી પશુઓને ફેળવવા જરૂરી છે. કૃત્રિમ બીજદાનથી માદા પશુને થતા ચેપી રોગ અટકાવી શકાય છે.



હિસાબી વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૩૮ કૃત્રિમ બીજદાન કેન્દ્રો મારફત ૧૧૦૦૨ કૃત્રિમ બીજદાન કરેલ છે. જે ભેંસ વર્ગમાં ૫૯૪૭ તથા ગાય વર્ગમાં ૫૦૫૫ કૃત્રિમ બીજદાન કરવામાં આવેલ છે. કૃત્રિમ બીજદાનથી ૩૮૬૨ બચ્ચાઓનો જન્મ થયેલ છે.

## : ઘરગથ્થુ ઉપચારથી પશુઓની સારવાર :

હાલ ગળીયા (આઉ/આંચળ)ની બીમારીના ઉપચાર માટે ઘરગથ્થુ સારવાર પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન કુલ ૧૦૨ પશુઓને આ પધ્ધતિથી સારવાર આપવામાં આવેલ છે. તે પૈકી ૭૦ પશુ સફળતાપૂર્વક સાજા થયેલ છે. ભવિષ્યમાં અન્ય બિમારીઓના ઉપચારમાં પણ આ પધ્ધતિનો વધુમાં વધુ ઉપયોગ કરી એન્ટીબાયોટીક દવાઓનો ઉપયોગ ઘટાડવાનું આયોજન છે.

## : પાડી / વાછરડી ઉછેર કાર્યક્રમ :

કૃત્રિમ બીજદાનથી જન્મેલ પાડી / વાછરડીનો વૈજ્ઞાનિક ઢબે ઉછેર થાય એ બાબતે પશુ પાલકોને માહિતગાર કરવા માટેનો કાર્યક્રમ છે. પસંદગી પામેલ માદા બચ્ચાને ખાણ–દાણની સહાય આપવાની જોગવાઈ છે, જે લક્ષ્યાંક આધારિત છે.

૧. દેશી ગાય (ગીર–કાંકરેજ) અને પાડી માટે પ્રથમ વિયાણની ઉંમર ૩૦ માસ

૨. શંકર ગાય માટે પ્રથમ વિયાણની ઉંમર ૨૪ માસ.

આ કાર્યક્રમ અંતર્ગત કુલ ૭૧ માદા બચ્ચાઓને રજીસ્ટર કરેલ છે અને તેઓને કુલ રૂા. ૪૯૩૮૫/– ની સહાય પણ ચુકવવામાં આવેલ છે.

## : સ્ટ્રેટેજિક પાડી / વાછરડી ઉછેર કાર્યક્રમ :

આ કાર્યક્રમ અંતર્ગત નોંધાએલ પાડી / વાછરડી નીચે જણાવ્યા મુજબના લક્ષ્યાંક પૂર્ણ કરે તો તેને રૂા. ૩૦,૦૦૦/– ની સહાય આપવાની જોગવાઈ છે.

૧. ગીર / કાંકરેજ અને ભેંસ માટે – પ્રથમ વિયાણની ઉંમર ૩૦ માસ

૨. શંકર ગાય માટે – પ્રથમ વિયાણની ઉંમર ૨૪ માસ

ઉપરોક્ત કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધીમાં ૧૪ બચ્ચાઓને રજીસ્ટર કરેલ છે. જે નીચે મુજબ છે.

- લીંબડી :– ૮ (ગીર વાછરડી)
- નાના સખપર :– ૩ (૧ પાડી, ૧ શંકર વાછરડી, ૧ ગીર વાછરડી)
- મોટા સખપર :– ૧ (શંકર વાછરડી)
- ધરમપુર :– ૧ (ગીર વાછરડી)
- ચાચકા :– ૧ (પાડી)

## : ગળીયા રોગ નિયંત્રણ કાર્યક્રમ :

પાચન સબંધી તકલીફો પછી દૂધાળા પશુઓમાં સૌથી વધુ થતો રોગ એ ગળીયા (આંચળ / બાવલાની બિમારી) નો રોગ છે. આ રોગમાં ઘણી વખત ભારેમાં ભારે એન્ટીબાયોટીક દવા પણ અસર કરતી નથી. તેમજ એન્ટીબાયોટીક દવાઓના અવશેષો ઓછામાં ઓછા ૭૨ કલાક સુધી દૂધમાં આવે છે. આથી આવા દૂધનો વપરાશ હાનિકારક છે. જેના કારણે દૂધ ઉત્પાદકને આર્થિક નુકશાન થાય છે.

છુપાયેલો ગળીયો :– ગળીયાના રોગની પ્રારંભિક અવસ્થા છે. જેમાં કોઈ બહારી લક્ષણો દેખાતા નથી. પરંતુ ફક્ત દૂધના ઉત્પાદનમાં થોડોક ઘટાડો થાય છે. જો આ રોગનું તેના પ્રારંભિક અવસ્થામાં નિદાન કરવામાં આવે તો તેની સરળતાથી સારવાર કરી શકાય છે. તેમજ દૂધના ઉત્પાદનમાં થતો ઘટાડો રોકી શકાય છે.

કેલીફોર્નીયા મેસ્ટાટીસ ટેસ્ટ (CMT) :– આ ટેસ્ટ થી છુપાયેલા ગળીયાના રોગનું નિદાન થઈ શકે છે અને તેને સારવાર આપી શકાય છે.

હિસાબી વર્ષ ૨૦૨૦–૨૧ માં કુલ ૧૪ દૂધ મંડળીઓના ૯૬૨ ગ્રાહકોના દૂધના સેમ્પલનો CM ટેસ્ટ કરતાં ૩૪૫ ગ્રાહકોના દૂધના સેમ્પલો પોઝીટીવ આવતા આ ગ્રાહકોના ૪૬૩ પશુઓનો CM ટેસ્ટ કરવામાં આવેલ જેમાંથી ૨૧૭ પશુઓ પોઝીટીવ આવેલ જેઓને સારવાર આપવામાં આવેલ તે પૈકી ૧૬૦ પશુઓ સ્વસ્થ થયેલ છે. ૧૦ દિવસ પછી બીજા રાઉન્ડમાં પોઝીટીવ આવેલ ૫૭ પશુઓને સારવાર આપવામાં આવેલ છે.

## : પશુ રજીસ્ટ્રેશન :

સરકારશ્રીની ૧૦૦% સહાયથી ચાલતા પશુ રજીસ્ટ્રેશન કાર્યક્રમ અંતર્ગત અમૂલ સોફટવેરમાં ૩૨૬૩૦ અને ઈનાફ સોફટવેરમાં ૩૧૯૧૩ મળી કુલ ૬૪૫૪૩ પશુઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.

### :: પશુ સારવાર–પશુ ઓલાદ સુધારણા પ્રવૃતિની માહિતી દર્શાવતુ પત્રક ::

| અ.નં. | પ્રવૃત્તિની વિગત | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ | ૨૦૨૦–૨૧ |
|---|---|---|---|---|---|---|
| ૧. | પશુ સારવાર–સ્પેશ્યલ વિઝિટ | ૨૧૨૫૦ | ૧૮૨૭૩ | ૨૧૪૨૧ | ૨૪૬૮૭ | ૨૦૫૮૫ |
| ૨. | વ્યંધ્યત્વ નિવારણ કેમ્પ :– | | | | | |
| | વ્યંધ્યત્વ નિવારણ કેમ્પની સંખ્યા | ૨૪૬ | ૨૧૫ | ૧૯૨ | ૩૭ | ૧૧૪ |
| | સારવાર થયેલ પશુની સંખ્યા | ૨૨૩૨ | ૫૫૭૨ | ૩૬૮૦ | ૧૧૨૮ | ૧૩૧૦ |
| ૩. | કૃત્રિમ બીજદાન કેન્દ્ર :– | | | | | |
| | કૃત્રિમ બીજદાન કેન્દ્રની સંખ્યા | ૮૩ | ૮૩ | ૫૪ | ૫૩ | ૩૮ |
| | થયેલ કૃત્રિમ બીજદાનની સંખ્યા | ૧૦૬૧૩ | ૧૨૩૨૮ | ૧૩૬૨૬ | ૧૩૪૬૭ | ૧૧૦૦૨ |
| ૪. | કૃમિ નિવારણ ડોઝ | – | ૨૯૨૫૮ | ૫૦૩૭૫ | – | ૨૨૧૮૪ |
| ૫. | રસીકરણ :– | | | | | |
| | ખરવા–મોવાસા | ૪૦૨૭૦ | ૧૧૪૫૪૫ | ૧૬૭૧૨૧ | ૧૩૨૭૩૬ | ૩૮૦૨૨ |
| | ગળસૂંઢો | ૨૪૪૬૦ | ૨૭૨૯૮ | ૩૭૬૫૨ | ૧૬૫૩૬ | ૪૫૩૯ |
| | થાઈલેરીયા | – | – | ૧૩૮ | – | – |
| | હડકવા | – | – | ૧૬૮ | ૬૮૪ | ૨૯૭ |
| ૬. | પશુપાલક જાગૃતિ કાર્યક્રમ | – | – | ૪૬ | ૩૧ | ૬૦ |
| ૭. | પશુ ઓળખ અને રજીસ્ટ્રેશન | ૧૬૧૫૧ | ૨૫૮૦૦ | ૩૧૯૧૩ | ૫૫૩૬૨ | ૬૪૫૪૩ |

## : ભાવિ આયોજન :

વ્યંધ્યત્વ નિવારણ કાર્યક્રમ :– વર્ષ ૨૦૨૧–૨૨ માં ૧૨૦ ગામના ૫૦૦૦ જેટલા પશુઓને આ કાર્યક્રમ અંતર્ગત સારવાર આપવાનું લક્ષ્ય રાખેલ છે.

કૃત્રિમ બીજદાન કેન્દ્ર :– હાલમાં ૩૮ કૃત્રિમ બીજદાન કેન્દ્ર ચાલુ છે. તેમાં વધારો કરી વર્ષ ૨૦૨૧–૨૨ ના અંત સુધીમાં ૧૦૦ જેટલા બીજદાન કેન્દ્ર કાર્યરત કરવાનું આયોજન છે.

સેકસડ્ સોર્ટેડ સીમેન ડોઝ :– કૃત્રિમ બીજદાન નો વ્યાપ વધે અને લોકો તેમના પશુઓને કૃત્રિમ બીજદાન કરવા પ્રેરાય તે માટે સેકસડ્ સોર્ટેડ સીમેન ડોઝ કે જે ડોઝના ઉપયોગથી ૮૫ થી ૯૦% સુધી માદા બચ્ચાના જન્મની શકયતા રહે છે તેવા ડોઝથી કૃત્રિમ બીજદાન કરવાનું શરૂ કરવામાં આવનાર છે. તેમજ કૃત્રિમ બીજદાનથી જન્મેલા પાડી / વાછરડીને પાડી–વાછરડી ઉછેર કાર્યક્રમ યોજના અંતર્ગત રજીસ્ટર કરી ખાણદાણની સહાય આપવાનું નકકી કરેલ છે.

## : સ્વરોજગાર ના હેતુ ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મની સ્થાપનાની સહાય યોજના :

આપણા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ખેડૂતોની આવક બમણી કરવાના ધ્યેય ને સાર્થક કરવા તથા સ્વરોજગારીના ઉપાર્જનના હેતુથી રાજય સરકારશ્રીની સહાયથી ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવાની યોજના વર્ષ ૨૦૧૮–૧૯ થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અન્વયે વર્ષ ૨૦૧૮–૧૯ માં કુલ ૩૯ યુનિટ સ્થાપવામાં આવેલ છે. જેને આજદિન સુધી રૂા. ૧,૧૦,૦૨,૦૭૬/૩૪ પૈસાની સહાય ચુકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૯–૨૦ માં કુલ ૮ યુનિટ સ્થાપવામાં આવેલ છે જેને આજદિન સુધી કુલ રૂા. ૧૭,૯૫,૬૯૩/૦૦ પૈસાની સહાય ચુકવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૦–૨૧માં કુલ ૫૬ યુનિટ માટેની અરજીઓ આવેલ છે જેની ચકાસણીની કામગીરી ચાલુ છે. વર્ષ ૨૦૧૮–૧૯ તથા વર્ષ ૨૦૧૯–૨૦ માં ૪૭ યુનિટ કાર્યરત થએલ છે. તે પૈકી ૨૩ યુનિટ ભેંસ / શંકરગાયના, ૨૩ યુનિટ ગીરગાયના તથા ૧ યુનિટ **SC** કેટેગરી (જનરલ) કાર્યરત થયેલ છે.

## : વૃક્ષારોપણ – પર્યાવરણ જાળવણી :

પર્યાવરણની જાળવણી માટે વૃક્ષોનું ખૂબજ મહત્વ છે. દર વર્ષે ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય પર્વને વૃક્ષારોપણદિન તરીકે ઉજવવામાં આવે છે. શ્વેતક્રાન્તિની સાથે સાથે હરિતક્રાન્તિ માટે ગ્રામ્ય કક્ષાએ દૂધ મંડળીના દૂધ ઉત્પાદકોને સામેલ કરી સામુહિક વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન બધાના સામુહિક પ્રયાસો થકી ૧૫૧૩૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.





## : સભાસદ/ગ્રાહક કલ્યાણકારી વિવિધ યોજનાઓ :

જિલ્લાની દૂધ મંડળીઓના સભાસદો / ગ્રાહકોના લાભાર્થે દૂધ સંઘ દ્વારા નીચે જણાવ્યા મુજબની વિવિધ કલ્યાણકારી યોજનાઓ ચલાવવામાં આવે છે.

## :: જુથ વીમા યોજના ::

જીવનવીમા નિગમની જી.આઈ.(જનશ્રી વીમા) યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦–૨૧ માં ૫૪૮ દૂધ મંડળીના ૩૭૦૦૨ દૂધ ઉત્પાદકોને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ યોજનામાં પ્રત્યેક ઉત્પાદક દીઠ રૂા. ૧૨૨.૭૨ પૈસા મુજબ પ્રિમીયમ ભરવાનું થાય છે. તે મુજબ કુલ રૂા. ૪૫,૪૦,૮૮૫.૪૪ પૈસા પ્રિમીયમના ચુકવવાના થાય જેના ૫૦% મુજબ સહાયના રૂા. ૨૨,૫૭,૧૨૨.૦૦ પૈસા દૂધ સંઘ દ્વારા તેમજ પ્રિમીયમની બાકી રકમ દૂધ મંડળી / ગ્રાહકો દ્વારા ચુકવવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત કુલ ૯૦ કલેઈમ થયેલ છે જે તમામ કલેઈમ મંજુર થએલ છે. જેના વીમાની કુલ રકમ રૂા. ૩૬,૦૦,૦૦૦/– જે તે સભાસદ / ગ્રાહકના વારસદારને ચેક મારફત તેમના બેંક ખાતામાં ચુકવવામાં આવેલ છે.

## :: ગૃપ અકસ્માત વીમા યોજના ::

ધ ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કાં. મારફત દૂધ સંઘની તમામ મંડળીઓ / દૂધ ખરીદ કેન્દ્રોના ૧,૨૩,૦૧૯ જેટલા સભાસદો / ગ્રાહકોને ગૃપ અકસ્માત વીમા યોજના નીચે આવરી લેવામાં આવેલ છે. સદર યોજનામાં પ્રતિ સભાસદ / ગ્રાહક દીઠ રૂા. ૧૧/– મુજબ કુલ રૂા. ૧૩,૫૩,૨૦૯/–નું પ્રિમીયમ દૂધ સંઘ દ્વારા વીમા કંપનીને ચુકવવામાં આવેલ છે.

હિસાબી વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન આ યોજના નીચે કુલ ૧૩ કલેઈમ થયેલ છે તે પૈકી ૮ કલેઈમ મંજૂર થએલ છે. જેના વીમા કલેઈમની રકમ રૂા. ૮,૦૦,૦૦૦/– જે તે સભાસદ / ગ્રાહકના વારસદારના બેંક ખાતામાં સીધા જમા આપવામાં આવેલ છે. ૫ કલેઈમની કાર્યવાહી ચાલુ છે.

## :: સભાસદ મરણોતર સહાય યોજના ::

દૂધ મંડળીના સભાસદ પશુપાલકોના લાભાર્થે દૂધ સંઘ દ્વારા સભાસદ મરણોત્તર સહાય યોજના દૂધ સંઘના સ્વભંડોળમાંથી ચલાવવામાં આવે છે. આ યોજના અનુસાર મૃતક સભાસદ ઓછામાં ઓછા ૨ વર્ષથી દૂધ મંડળીના સભાસદ હોય અને તેમના અથવા તેમના પતિ / પત્નીના નામે ચાલુ હિસાબી વર્ષમાં અથવા તેના અગાઉના હિસાબી વર્ષમાં ઓછામાં ઓછા ૯૦ દિવસ દૂધ ભરાવેલ હોય તેવા સભાસદના વારસદારને દૂધ સંઘ દ્વારા રૂા. ૪૦,૦૦૦/– સહાય ચુકવવામાં આવે છે. હિસાબી વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન કુલ ૧૪૨ સભાસદોના મૃત્યુ થતાં તેના વારસદારોને રૂા. ૫૬,૮૦,૦૦૦/– ની સહાય તેમના બેંક ખાતામાં ચેક મારફત ચુકવવામાં આવેલ છે.



દૂધ સંઘની ૪૫ મી વાર્ષિક સાધારણ સભામાં ખાસ આમંત્રિત મહેમાન તરીકે ઉપસ્થિત ગુજરાત રાજયના કૃષિ (ગ્રામ વિકાસ અને મત્સ્ય ઉદ્યોગ) મંત્રી માનનીય શ્રી આર. સી. ફળદુ સાહેબના વરદ્ હસ્તે મરણોત્તર સહાયના લાભાર્થીઓને ચેક અર્પણ કરવામાં આવ્યા.

શ્રી કલ્યાણપરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. કલ્યાણપરા તા. લખતર ના સભાસદ સ્વ. દેવાભાઈ ભગવાનભાઈ સાટીયાના વારસદાર તેમના પત્ની જશોદાબેન સાટીયાને સભાસદ મરણોત્તર સહાયનો ચેક અર્પણ કરતા ચેરમને શ્રી બાબાભાઈ એસ. ભરવાડ સાથે એમ.ડી. શ્રી ગુરદિતસિંગ દ્રષ્ટિગોચર થાય છે.



## :: સભાસદ / પશુપાલક કલ્યાણકારી યોજનાનું પત્રક ::

| ક્રમ | યોજનાનું નામ | દૂધ મંડળીની સંખ્યા | લાભાર્થીની સંખ્યા | પ્રિમીયમની કુલ રકમ રૂપિયા | દૂધ સંઘે ભોગવેલ રકમ રૂપિયા | મંડળી પાસેથી કપાત કરેલ રકમ રૂપિયા | કુલ કલેઈમ | મંજુર થયેલ કલેઈમ | મંજુર થયેલ રકમ રૂપિયા | પેન્ડીંગ કલેઈમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જનશ્રી વીમા યોજના (LIC) | ૫૪૮ | ૩૭૦૦૨ | ૪૫૪૦૮૮૫.૪૪ | ૨૨૫૭૧૨૨.૦૦ | ૨૨૮૩૭૬૩.૪૪ | ૯૦ | ૯૦ | ૩૬૦૦૦૦૦ | – |
| ૨. | ગૃપ અકસ્માત યોજના (ન્યુ.ઈન્ડીયા ઈન્સ્યો. કંપની) | ૭૪૩ | ૧૨૩૦૧૯ | ૧૩૫૩૨૦૯/– | ૧૩૫૩૨૦૯/– | – | ૧૩ | ૦૮ | ૮૦૦૦૦૦ | ૦૫ |
| ૩. | મરણોત્તર સહાય યોજના (સ્વભંડોળમાંથી) | ૬૫૪ | દૂધ સંઘના સ્વભંડોળ માંથી | | | | ૧૪૨ | ૧૪૨ | ૫૬૮૦૦૦૦ | – |

## : કિસાન ક્રેડિટ કાર્ડ (પશુપાલન)ની સુવિધા :

ખેડુતોને ખેતીકામના હંગામી ખર્ચાઓને પહોંચી વળવા માટે કિસાન ક્રેડિટ કાર્ડની સુવિધા સરકારશ્રી દ્વારા પુરી પાડવામાં આવે છે. તેવી જ રીતે કેન્દ્ર સરકારના આત્મનિર્ભર ભારત મિશન કાર્યક્રમ અંતર્ગત રાજયના પશુપાલકોને પશુઓના ભરણપોષણ અંગેના હંગામી ખર્ચાઓને પહોંચી વળવા માટે કિસાન ક્રેડિટ કાર્ડ (પશુપાલન)ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. હિસાબી વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન કિસાન ક્રેડિટ કાર્ડ (પશુપાલન) યોજના અંતર્ગત નીચે મુજબ કામગીરી થયેલ છે.



શ્રી ખારવા મ. દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ના પશુપાલકોને કીસાન ક્રેડીટ કાર્ડ (પશુપાલન) અન્વયે ધીરાણનો ચેક અર્પણ કરતા સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકની ખારવા બ્રાન્ચના બ્રાન્ચ મેનેજરશ્રી

| ક્રમ | બેંકનું નામ | કે.સી.સી.(પશુપાલન) માટે ફોર્મ ભરીને બેંકમાં જમા કરાવેલ ફોર્મની સંખ્યા | બેંક દ્વારા મંજુર કરેલ ફોર્મ | | બેંક દ્વારા આપવામાં આવેલ ધીરાણની રકમ |
|---|---|---|---|---|---|
| | | | ગામની સંખ્યા | ગ્રાહકની સંખ્યા | |
| ૧ | આદર્શ કો. ઓપ. બેંક | ૦૩ | – | – | – |
| ૨ | બેંક ઓફ બરોડા | ૧૮૬ | ૦૧ | ૭૫ | ૩૬૪૩૨૯૧ |
| ૩ | બેંક ઓફ ઈન્ડીયા | ૧૨૮ | – | – | – |
| ૪ | કેનેરા બેંક | ૩૫ | – | – | – |
| ૫ | સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા | ૮૪ | – | – | – |
| ૬ | દેના બેંક | ૩૦૧ | – | – | – |
| ૭ | એચ.ડી.એફ.સી. બેંક | ૫૨ | – | – | – |
| ૮ | ઈન્ડીયન બેંક | ૧૧ | – | – | – |
| ૯ | પંજાબ નેશનલ બેંક | ૬૯૯ | ૦૫ | ૩૮૧ | ૨૩૦૨૦૦૦૦ |
| ૧૦ | રાજકોટ ડી.કો.ઓપ. બેંક | ૦૬ | – | – | – |
| ૧૧ | રાજકોટ નાગરીક સહ. બેંક | ૦૭ | – | – | – |
| ૧૨ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા | ૩૧૦૪ | ૦૨ | ૬૩ | ૮૪૦૮૦૦૦ |
| ૧૩ | સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક | ૨૭૦૬ | ૨૬ | ૨૫૧ | ૨૦૬૪૮૦૦૦ |
| ૧૪ | યુનિયન બેંક ઓફ ઈન્ડીયા | ૧૭૦ | – | – | – |
| ૧૫ | યુકો બેંક | ૧૧ | – | – | – |
| | કુલ... | ૭૫૦૩ | ૩૪ | ૭૭૦ | ૫૫૭૧૯૨૯૧ |

## : દૂધ સંઘ તરફથી દૂધ મંડળીઓને સહાય :

દૂધ મંડળીઓને માળખાકીય સગવડો પ્રાપ્ત થાય, મંડળીઓ ઉપર ગ્રાહકોના દૂધની વ્યવસ્થિત ચકાસણી કરી દૂધની ગુણવત્તામાં સુધારો થઈ શકે તેમજ દૂધના ધંધાના સહકારી માળખાથી દૂધ મંડળીના સભાસદો / ગ્રાહકો માહીતગાર થઈ શકે તે માટે દૂધ સંઘ તરફથી દૂધ મંડળીઓને દૂધ ઘર બનાવવા, મિલ્કોસ્કીન મશીન ખરીદવા, ડેરી શૈક્ષણિક પ્રવાસના આયોજન માટે વિકાસ ફંડ માંથી સહાય ચુકવવામાં આવે છે. હિસાબી વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન ૩ દૂધ મંડળીઓને દૂધ ઘર બનાવવા માટે રૂા. ૧,૫૦,૦૦૦/– ની સહાય તથા ૪ દૂધ મંડળીઓને મિલ્કોસ્કીન મશીન ખરીદવા માટે રૂા. ૨,૦૦,૦૦૦/– ની સહાય મળી કુલ રૂા. ૩,૫૦,૦૦૦/– સહાય વિકાસ ફંડ માંથી ચુકવવામાં આવેલ છે.

## : ઈન્ફરમેશન ટેકનોલોજી :

### : કોમન એએમસીએસ પ્રોગ્રામ :

તમામ દૂધ સંઘો તથા દૂધ મંડળીઓના વહીવટમાં એકસુત્રતા જળવાઈ રહે તે માટે ગુજરાત કો.ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા દૂધ મંડળીઓના કોમ્પ્યુટરમાં અમૂલ કોમન ઓટોમેટીક મિલ્ક કલેકશન સિસ્ટમનો સોફટવેર ઈન્સટોલ કરવામાં આવેલ છે. દૂધ સંઘ સાથે સંકળાએલ ૬૭૬ દૂધ મંડળીઓ તથા ૬૭ દૂધ ખરીદ કેન્દ્રો મળી કુલ ૭૪૩ પૈકી ૭૧૮ દૂધ મંડળીઓ તથા દૂધ ખરીદ કેન્દ્રો ઉપર અમૂલ કોમન એએમસીએસ નો પ્રોગ્રામ ઈન્સ્ટોલ કરેલ છે. આ પ્રોગ્રામ દ્વારા તમામ સભાસદ / ગ્રાહક

વિશેની સંપૂર્ણ માહિતી મેળવી શકાય છે. તેવી જ રીતે આ પ્રોગ્રામ થકી ગ્રાહકોને પણ તેમના રજીસ્ટર થએલ મોબાઈલ નંબર ઉપર મંડળીમાં ભરાવેલ દૂધ, તેના ફેટ, તેની કિંમત વગેરેની માહિતી ટંકે ટંક મેસેજ દ્વારા મળી રહે છે. એક દિવસમાં વધુમાં વધુ ૫૩૯૨૫ ગ્રાહકોને મેસેજ દ્વારા માહિતગાર કરવામાં આવેલ છે. અમૂલ ફાર્મર એપ થકી ગ્રાહક પોતાના એન્ડ્રોઈડ મોબાઈલ ઉપર ગમે ત્યારે ઉપર મુજબની માહિતીથી વાકેફ થઈ શકે છે. હિસાબી વર્ષ દરમ્યાન ૪૧૮૮ ગ્રાહકો દ્વારા ફાર્મર એપનો ઉપયોગ કરવામાં આવેલ છે. દૂધ મંડળીઓને દૂધ બીલ–પરિપત્રો તથા અગત્યની ટપાલો વેબ પોર્ટલ મારફત સીધા જે તે મંડળીના કોમ્પ્યુટરમાં મળી જાય તેવી વ્યવસ્થાનું આયોજન કરવામાં આવેલ છે.

## : બી.એમ.સી. મોનીટરીંગ સીસ્ટમ :

દૂધ સંઘ દ્વારા સંચાલિત તથા કાર્યરત તમામ બીએમસી ઉપર મોનીટરીંગ સીસ્ટમ લગાવવામાં આવેલ છે. જેનું દૂધ સંઘની મોનીટરીંગ ટીમ દ્વારા મોનીટર કરવામાં આવે છે. મોનીટરીંગ દ્વારા બીએમસીમાં રહેલ દૂધનો જથ્થો, દૂધનું તાપમાન, બીએમસીની સાફ સફાઈ તથા સાફ સફાઈ માટે ઉપયોગમાં લીધેલ પાણીનું તાપમાન, બીએમસીનો વીજ વપરાશ વગેરે જાણી શકાય છે. જાણકારીને અનુરૂપ જરૂરી સલાહ સુચન તથા માર્ગદર્શન આપવામાં આવે છે.

## : જી.પી.એસ. સીસ્ટમ :

દૂધ સંઘ દ્વારા સંચાલિત બીએમસી ઉપરથી ડેરી પ્લાન્ટ ઉપર અને ડેરી પ્લાન્ટ ઉપરથી અમૂલ ફેડ. ડેરી સુધી દૂધ પરિવહનની કામગીરી ટેન્કરો મારફત કરવામાં આવે છે. જે ટેન્કરો મારફત દૂધ પરિવહનની કામગીરી કરવામાં આવ છે તે ટેન્કરમાં વર્ષ ૨૦૧૯–૨૦ માં પ્રાયોગિક ધોરણે જી.પી.એસ. સીસ્ટમ લગાવી ટેન્કરોનું ટ્રેકીંગ કરવાની કામગીરી શરૂ કરેલ જેના સારા પરિણામ મળતાં વર્ષ ૨૦૨૦–૨૧માં તમામ ટેન્કરોમાં જી.પી.એસ. સીસ્ટમ લગાવી ટ્રેકીંગ કરવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ છે.

જી.પી.એસ. સીસ્ટમ ચાલુ થવાથી ટેન્કર ડેરીમાંથી કેટલા સમયે નીકળ્યુ ત્યાંથી પ્રથમ બીએમસી ઉપર કયારે પહોંચ્યુ ત્યાંથી ટેન્કર ભરાઈને કેટલા વાગે નીકળ્યુ અને બીજા બીએમસી ઉપર કયારે પહોંચ્યુ ત્યાંથી દૂધ લઈને કેટલા કલાકે ઉપડી કેટલા સમયે ત્રીજા બીએમસી ઉપર કે ડેરી પ્લાન્ટ ઉપર કેટલા સમયે પહોંચ્યુ તેમજ ડેરી પ્લાન્ટ ઉપરથી કેટલા સમયે ઉપડી અમૂલ ફેડ. ડેરીમાં કેટલા સમયે પહોંચ્યુ તેનો શરૂઆત થી આખર સુધીનો રીપોર્ટ જનરેટ થાય છે. જેના ઉપરથી કોઈપણ જગ્યાએ બીન જરૂરી રોકાણ કરવામાં આવતુ હોય તો તેના આધારે જરૂરી કાર્યવાહી થઈ શકે છે તેમજ દૂધ પરિવહનની કામગીરી માં ઝડપ લાવી શકાય છે.

## : આઈ.એસ.ઓ સર્ટીફીકેટ :

કવોલીટી મેનેજમેન્ટ સીસ્ટમ (QMS ISO 9001:2015) તથા ફુડ સેફટી સીસ્ટમ સર્ટીફીકેટ (ISO 22000(સીડયુલ ૫.૧)2018) નીતિ અન્વયે અમો સુરસાગર ડેરી પ્લાન્ટ ખાતે દૂધની ગુણવત્તા અને સલામતી માટે દૂધ અને દૂધ ઉત્પાદનો ઉત્પન્ન કરીને સારી ગુણવત્તા દ્વારા ગ્રાહકોના વિશ્વાસને જીતવા માટે પ્રતિબધ્ધ છીએ.

આ અમે ગ્રાહકની આવશ્યકતાઓ સાથે તમામ વૈજ્ઞાનિક અને નિયમનકારીને અપનાવીને મેળવીશું અને અમારામાં રસ ધરાવતા પક્ષો સાથે આંતરિક અને બાહ્ય સંચાર દ્વારા તમામ ક્ષેત્રોમાં સતત સુધારણા માટે સમયાંતરે સમીક્ષા કરીશું.

એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ સીસ્ટમ :– (EMS ISO 14001:2015) પર્યાવરણ નીતિ અન્વયે સુરસાગર ડેરી પ્લાન્ટ ખાતે થતી પ્રવૃતિઓ અને કામગીરીની સતત સમીક્ષા કરીએ છીએ. જેથી આપણા પર્યાવરણ પર થતી અસરને ઓળખી શકાય અને તેનાથી થતી અસરને ઘટાડવા માટે કાર્ય નકકી કરીએ છીએ.

અમારા પર્યાવરણીય હેતુના ભાગ રૂપે અમે :–

– સતત અમારી ઉર્જા અને સંશોધન વપરાશમાં સુધારો કરવા, સતત પેદા થતા કચરાને ઘટાડવા અને સામાન્ય રીતે પ્રદૂષણ અટકાવવા પ્રયત્નશીલ છીએ.
– સંબંધિત સમગ્ર કાયદાકીય અને નિયમિતકારી આવશ્યકતાઓને પહોંચી વળવા અથવા તેને આંબવાનો પ્રયત્ન કરીએ છીએ.
– અમારા કર્મચારીઓ વચ્ચે આત્મીયતા અને સિધ્ધાંતિક મુદ્દાઓની ઉચ્ચસ્તરની જાગૃતિને પ્રોત્સાહિત કરી અને અમારા તાલીમ કાર્યક્રમના મુખ્ય ઘટક તરીકે પર્યાવરણની વ્યવસ્થાપન કરીએ છીએ.
– અમારી સાથે કામ કરવામાં રસ ધરાવતા અને મેનેજમેન્ટ સમીક્ષા પ્રક્રિયા સાથે આંતરિક અને બાહ્ય સંચાર દ્વારા તમામ ક્ષેત્રોમાં સતત સુધારણા માટે સમયાંતરે સમીક્ષા કરીએ છીએ.

## : તાલીમ :

દૂધ સંઘના કર્મચારીઓ તેમની કામગીરીમાં નિપૂણતા મેળવે તથા અદ્યતન ટેકનોલોજીથી અવગત થાય તે માટે દૂધ સંઘના કર્મચારીઓને સમયાંતરે જરૂરિયાત મુજબ તાલીમ આપવામાં આવે છે. હિસાબી વર્ષ દરમ્યાન ૧૨ કર્મચારીઓને જુદા જુદા વિભાગની તાલીમ આપવામાં આવેલ છે. જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.



| અ.નં. | તાલીમ લેનાર કર્મચારીનું નામ | તાલીમનો સમય | તાલીમ લીધેલ પ્રોગ્રામની વિગત | કર્મચારીનો વિભાગ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી ભાવેશભાઈ ચૌધરી | તા. ૫/૧૦/૨૦૨૦ થી તા. ૯/૧૦/૨૦૨૦ | FSSC 22000 V5 Lead Auditor Training | QA |
| ૨ | શ્રી ધારા ઘેટીયા | તા. ૧૨/૧૦/૨૦૨૦ થી તા. ૧૬/૧૦/૨૦૨૦ | QMS ISO 9001: 2015 Lead Auditor Training | QA |
| ૩ | શ્રી પ્રતિક દલવાડી<br>શ્રી યુવરાજસિંહ પરમાર<br>શ્રી કનકસિંહ પઢીયાર<br>શ્રી અમીત પટેલ | તા. ૮/૦૩/૨૦૨૧ થી તા. ૧૨/૦૩/૨૦૨૧ | રેસીડેન્સીયલ ટ્રેનીંગ ઓન સી.એમ.પી. ઓ એન્ડ એમ.ઓફ એ.એમ.સી.યુ એન્ડ બી.એમ.સી.યુ | PRC |
| ૪ | શ્રી ભાવેશકુમાર એન. ચાવડા | તા. ૯/૦૩/૨૦૨૧ થી તા. ૧૩/૦૩/૨૦૨૧ | વેટરનરી ઓન ઈથનોવેટેરનરી પ્રિપરેશન પ્રોગ્રામ (EVP) | AH |
| ૫ | શ્રી કરશનભાઈ ટમાલીયા<br>શ્રી ભાવેશભાઈ ચૌધરી<br>શ્રી ભાવિનભાઈ ચૌધરી<br>શ્રી ધારા ઘેટીયા | તા. ૧૪/૦૩/૨૦૨૧ | HACCP ISO 22000:2018 FSSC 22000 V5 | QA PROCESS |
| ૬ | શ્રી ડો. નીતિનકુમાર એચ. મોરી | તા. ૧૬/૦૩/૨૦૨૧ થી તા. ૨૦/૦૩/૨૦૨૧ | વેટરનરી ઓન ઈથનોવેટેરનરી પ્રિપરેશન પ્રોગ્રામ (EVP) | AH |

વર્ષ દરમ્યાન જુદી જુદી કોલેજના ૧૨ જેટલા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને તેમના વિષયને અનુરૂપ તેમજ ગુજરાત સરકારના એપ્રન્ટીસ એકટ ૧૯૬૧ હેઠળ ૧૪ જેટલા એપ્રેન્ટીસ વિદ્યાર્થીઓને દૂધ સંઘ દ્વારા તાલીમ આપવામાં આવેલ છે.

